Seat No. : _______________

# NQ-112

**November-2025**

**B.Com., Sem.-III**

**AEC-235: Gujarati**

**(સાહિત્ય અને પ્રત્યાયન કૌશલ-3)**

**Time : 1:00 Hour]** **[Max. Marks : 25**

1. નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ પાંચ) **10**

   (1) મૃણાલ કયા આશયથી મુંજને મળવા જાય છે અને ક્યાં મળવા જાય છે ?

   (2) રસનીધી અને સત્યાશ્રમ વચ્ચેનો તફાવત જણાવો.

   (3) મુંજને કાષ્ઠના પાંજરામાં પૂરવા પાછળ તૈલપનો હેતુ જણાવો.

   (4) ભિલ્લમ પોતાની કઈ લાચારી લક્ષ્મીદેવી સમક્ષ રજૂ કરે છે ?

   (5) 'પૃથિવીવલ્લભ' નવલકથા શેના પર આધારિત છે ?

   (6) 'પૃથિવીવલ્લભ' નવલકથામાં પ્રગટતું જીવનદર્શન વર્ણવો.

   (7) લક્ષ્મીદેવીનો પરિચય આપો.

**અથવા**

1. નીચેમાંથી કોઈ પણ એક વિશે ટૂંકનોંધ લખો : **10**

   (1) મુંજનું પાત્રાલેખન

   (2) મૃણાલવતી

   (3) 'પૃથિવીવલ્લભ' નવલકથા શીર્ષકની યથાર્થતા

2. (A) તમારા પરિવારના બધા જ સભ્યોને તમે જીવનવીમાથી સુરક્ષિત કરવા માંગો છો. જીવનવીમાની જુદી-જુદી પોલીસીની માહિતી મેળવવા માટે ભારતીય જીવન વીમા નિગમને પત્ર લખો. **5**

   (B) તમારા કારખાનામાં લાગેલી આકસ્મિક આગના કારણે થયેલા નુકસાનનું આર્થિક વળતર મેળવવા માટે તમારી વીમા કંપની અગ્નિદેવ જનરલ વીમા કંપની, મુંબઈને પત્ર લખો. **5**

3. નીચે આપેલા પ્રશ્નોનો સાચો વિકલ્પ જણાવો : (કોઈપણ પાંચ) **5**

   (1) ક.મા. મુનશીનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

   (a) 1889 (b) 1887

   (c) 1947 (d) 1857

(2) તૈલપ કયા રાજ્યનો રાજા હતો ?

(a) પાટણ (b) હૈદરાબાદ

(c) તૈલંગણ (d) જૂનાગઢ

(3) મૂંજની પ્રેમિકાનું નામ શું હતું ?

(a) લક્ષ્મીદેવી (b) મીનળદેવી

(c) રૂપવતી (d) મૃણાલવતી

(4) ક.મા. મુનશીનું નામ શું છે ?

(a) કનુભાઈ માણેકભાઈ મુનશી (b) કનૈયાલાલ માણેકલાલ મુનશી

(c) કનૈયાલાલ માનસિંહ મુનશી (d) કરૂણાશંકર માણેકલાલ મુનશી

(5) 'પૃથિવીવલ્લભ' કોનું નામ હતું ?

(a) તૈલપ (b) મુંજ

(c) ભોજ (d) રાણા

(6) તૈલંગણ રાજ્યના પાટનગરનું નામ શું હતું ?

(a) દિલ્હી (b) હૈદરાબાદ

(c) સિકન્દરાબાદ (d) માન્યખેટ

(7) મૃણાલવતીના ભાઈનું નામ શું હતું ?

(a) તૈલપ (b) મુંજ

(c) ભોજ (d) રાણા

---